Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

# જ્યાં "સરદાર" ત્યાં વર્તમાન

પ્રા. અમિતા ભટ્ટ

ન ભૂતો ન ભવિષ્યવત અહીંયા વાત કરવી છે સરદારના કાર્યની એક એવું કાર્ય જે સરદાર વિના ત્રણ પેઢીના અંતે પણ અશક્ય જણાય છે અને તે એટલે દેશી રજવાડાઓનું ભારત વર્ષમાં વિલીનીકરણ. સરદારે બીજુ કશું જ ન કર્યું હોત અને માત્ર આ એક જ કામ કર્યું હોત તો પણ તેમનું ત્રણ પેઢીઓ સુધી ફેડી ન શકાય તેવું કામ કર્યું છે. સરદારના તવારીખો ની યાદી ઉપરથી પેઢીઓનું કામ સરદાર તેમના એક જન્મમા કરી ગયા તે સ્પષ્ટ થાય છે.

આઝાદ ભારત સરકારમા સરદાર નાયબ પ્રધાનમંત્રી બન્યા તથા દેશી રજવાડાઓના વિભાગના પણ મંત્રી બન્યા અને ગૃહખાતું પણ સરદારે સંભાળ્યું. અંગ્રેજોએ તો જાહેરાત કરી હતી કે દેશી રજવાડા ઈચ્છે તો સ્વાતત્ર રહી શકે અને ઈચ્છે તો પાકીસ્તાન સાથે પણ જઈ શકે તે વખતે નાના-મોટા ૫૪૨ દેશી રજવાડાઓ હતા અને ૨૦ જેટલા બીજા મોટા પ્રમાણમા વસ્તી ધરાવતા એવા હૈદરાબાદ મૈસુર ગ્વાલીયર અને કાશ્મીર જેવા રાજ્યો હતા. આ કઠિન કામ હતું કેટલાક રાજ્યો તો પાકિસ્તાન સાથે ભળવાની ધોષના કરી વધુ લાભ મેળવવાની પણ ચાલ ચાલી! ભારતને કોઇપણ સુંજોગોમા એક થતું અટકાવવું તેવિ મુરાદ પણ હતી. લોર્ડ માઉન્ટબેટનને પણ સો જેટલા રજવાડાઓને એકત્ર કરી ધોષના કરી હતી કે કોઈપણ રાજ્ય સીધેસીધુ કોમનવેલ્થ નું સભ્ય થઈ શકશે નહીં અને કોઈપણ રાજ્ય ભૌગોલીક સ્થિતિ ને ધ્યાનમા લઈને જ ભારત અથવા પાકિસ્તાન સાથે જોડાણ કરી શકશે. અંગ્રેજોને ભારતનું શાસન પરત મેળવવાની મેલી મુરાદ પણ હતી. વળી ભોપાલના નવાબે જાહેરાત કરી કે કોઈપણ દેશી રાજાઓએ બુંધારણ સભામાં સામેલ ન થવું. અન્ય એ વિરોધ પણ કયો તેમા વડોદરા રાજ્ય પ્રથમ હતું.કોચીના મહારાજાએ પોતાના પ્રતિનિધિને આ સભામા મોકલવા સત્તાવાર જાહેરાત કરી.

આ સમયે નહેરુ એ પુનઃ સ્પષ્ટીકરણ પણ કરવું પડ્યુ હતું કે દેશી રાજાઓના રક્ષણ ને સરકાર યથાવત રાખશે. રાજાઓની સભામાં કોઈ કાપકૂપ કરવામા નહીં આવે અને જે તે રાજ્યની સીમાઓમા કોઈપણ ફેરફાર નહીં થાય તથા રાજાઓની સંમતિ વગર રાજકીય પરિસ્થિતિમાં કોઈ ફેરફાર કરવામાં નહીં આવે.વડોદરા રાજ્યના પગલે કેટલાક રાજ્યો સંવિધાન સભામા જોડાયા તો સૌરાષ્ટના નવાનગરના જામસાહેબ તથા ધાગધ્રા ના મહારાજાએ પોતાની બંધારણ સભા પણ રચી દીધી હતી.

આ વધતા ગૂંચવાડા વચ્ચે સરદાર પટેલ અંગ્રેજો ભારત અને પાકિસ્તાન વચ્ચે રખાયેલ વિભાગ મા રજૂ થયેલા જટીલ પ્રશ્નોના ઉકેલ માટે માણસ ની શોધમા લાગી ગયા અને એવા એક કાબીલ માણસ શોધી કાઢ્યા અને તે એટલે બી. પી. મેનન. સરદાર પટેલ એ તેમને સલચિ બનાવ્યા સિંધની સરહદે આવેલા જોધપુર અને જેસલમેર રાજ્યોને પાકિસ્તાન સાથે જોડી દેવા જિન્નાઓ એ પ્રયત્નો હાથ ધર્યા. સરદારને દેશી રજવાડાઓ સંબંધી તમામ સત્તાઓ સોંપાઈ તેથી સરદારે દેશી રાજાઓના નામજોગ જાહેરાત બહાર પાડી અને જાહેર અપીલ કરી "આપણે સૌભારતની ભવ્યોઉન્નત સુંસ્કૃતી તથા શ્રેષ્ઠ જીવનની ભાવનાઓના સમાન ભાગીદાર છીએ. આપણા સૌમા એક જ લોહી વહી રહ્યું છે. કોઈ પણ તાકાત આપણને જુદા પાડી શકશે નહીં. આ અખંડીતતા સાર્થક કરવા આપણે પરસ્પર સમજૂતી કે જોડાણનો આશરો લેવો પડશે..." આમ સાથે બેસીને ચર્ચા કરવા તથા એકબીજાના હિતમાં નિર્ણય લેવા પ્રેમપૂર્વક આમત્રણ અપાયુ રાજાઓના મનમા સ્પષ્ટ થયુ કે કોંગ્રેસના મનમા કોઈ રાજા પ્રત્યે પૂર્વગ્રહ નથી.

---

પ્રા. અમિતા ભટ્ટ,અધ્યક્ષ, ગુજરાતી વિભાગ,આણંદ આર્ટસ કોલેજ, આણંદ

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

સરદારની અપીલની ભારે અસર થઈ અને 10 જુલાઈ 1947 ના રોજ સરદાર પટેલના નિવાસસ્થાને રાજાઓ અને દીવાનો ની બેઠક મળી. વિવિધ પ્રશ્નો ચર્ચાયા બાદ 140 રાજાઓએ સંઘ સાથે જોડાવાનું નક્કી કર્યું. ત્રાવણકોર રાજ્ય અસંમત થયુ તો તેમની જ પ્રજાએ વિરોધ કયો. તેથી ફરજીયાત જોડાવું પડ્યુ. સરદાર પટેલની કુનેહ અને બુદ્ધિની આ જીત હતી. તેવિ જ રીતે જૂનાગઢના નવાબ પણ પાકિસ્તાન સાથે જોડાણ ઈચ્છતા હતા તો ત્યા પ્રજાએ વિરોધ રૂપે ‘આરઝી હકુમત’ ની રચના કરી વિરોધ કયો. નવાબ જૂનાગઢ છોડી ગયા અને આરઝુ હકુમતે જૂનાગઢનું રાજ્ય ભારત સુંઘ સાથે જોડી દીધુ.

સરદાર વલ્લભભાઈએ તમામ રાજ્યો નો એક સુંઘ બનાવિ સૌરાષ્ટના ભાવિ વિકાસની યોજના પણ બનાવી આ સૌરાષ્ટ સંઘ ને બાપુ ના આશીર્વાદ મળ્યા. વડોદરામા સર પ્રતાપ સિંહ રાવ ઝવેરાત લઈ દેશ છોડી ગયા ત્યારે ડોક્ટર જીવરાજ મહેતા ના અધ્યક્ષસ્થાને વિધાનસભાની બેઠક બોલાવી જાહેરાત કરાવી કે મહારાજા માં રાજ્ય ચલાવવા ની ક્ષમતા રહી નથી તેથી તેને સ્થાન ભ્રષ્ટ કરી તેના પુત્રને ગાદી સોંપવી અને ખજાનામાથી ઉઠાવી લીધેલ જવેરાત ના મૂલ્યની વસૂલી કરવી સરદાર ના મૃત્યુ બાદ તકનો લાભ ઉઠાવી આ કાર્ય ઈચ્છા વિરુદ્ધ છે તેમ બયાન કરી પ્રશ્ન ગુચવ્યો પણ સરકાર તેના નિર્ણય ઉપર અડગ રહી. આમ સરદાર એ એક પછી એક કદમ ઉઠાવ્યા હતા અને નૂતન ભારત નું નિર્માણ ઝડપથી આગળ વધતું હતું.

સૌથી પેચીદો અને ગૂંચવાડા ભયો પ્રશ્ન કાશ્મીરનો હતો. કાશ્મીરની ગાદીએ રાજા હરિસિંહ બેઠા હતા. હીજરતી હિન્દુ પણ કાશ્મીરમાં વસ્યા. હરિસિંહ પોતાના રાજ્યને સ્વતંત્ર રાખવા ઈચ્છતા હતા. પાકિસ્તાનને એમ કે કાશ્મીર અમારી સાથે જોડાણ કરશે તેથી સરહદે હેરાનગતી શરૂ કરી લોર્ડ માઉન્ટ બેટને પણ કાશ્મીર ભારત સંઘમાં ન જોડાઈ ત્યાં સુધી મદદની ના કરી મહારાજાએ જોડાવા ખત ઉપર સહી કરી. ખત સરદારને મળતાજ પરિસ્થિતિ સંભાળી લીધી સૈનિકો મોકલ્યા. ભારતીય સેનાની કાર્યવાહી બેનમુન અને અજોડ રહી.યુનોમાં પ્રશ્ન લઈ જવા સરદાર ઈચ્છતા ન હતા. અંતે યુદ્ધવિરામ જાહેર થયુ અને પાકકસ્તાની સેના જે વિસ્તારમાં હતી તે વિસ્તાર તેના કબજામાં રહ્યો અને તેને ‘આઝાદ કાશ્મીર’ તરીકે ઓળખાય છે.

હૈદરાબાદ અને ઈન્દોર માટે પણ ખુબ જ પ્રયત્નો સરદાર દ્વારા થયા છે ત્યારે આ ‘ન ભૂતો ન ભવિષ્યતિ’ રૂપ કાર્ય સરદાર તેમની હયાતીમાં કરી ગયા. આવા નેતૃત્વના ગુણો શીખવનાર જ્યોતિધર્ય સરદાર શ્રી ને શત શત વંદન.